# દૈનિક પલ્સ


દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ


## BREAKING NEWS: સિનિયર સિટીઝનને WhatsApp મારફત 30 લાખનો ચુનો

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા 61 વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝન એક મોટી સાયબર છેતરપિંડીના ભોગ બન્યા છે. WhatsApp મારફતે “કંગના શર્મા” નામની વ્યક્તિએ પોતાને ‘નુવામા વેલ્થ’ કંપનીની ઇન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટ જણાવતા પીડિતનો વિશ્વાસ જીત્યો હતો. આકર્ષક પ્રોફિટ સ્કીમ બતાવી રોજના 10-15% નફાનો ઝાંખો જોઇ પીડિતે 30 લાખ રૂપિયા ઇન્વેસ્ટ કરવા તૈયાર થયા. ઠગોએ પીડિતને nuvamawealthvip.com નામની નકલી વેબસાઇટ પર રજિસ્ટર કરાવ્યું અને બોગસ SEBI સર્ટિફિકેટ મોકલી નાણાં ટ્રાન્સફર કરવા કહ્યું. રૂ. 30 લાખ RTGS મારફતે ટ્રાન્સફર કર્યા બાદ વેબસાઇટ પર રકમ દર્શાવવામાં આવી હતી અને વધારાનો “પ્રોફિટ” પણ બતાવવામાં આવ્યો. વિશ્વાસ વધારવા માટે ઠગોએ 1,000 રૂપિયા વિડ્રોલ કરવાની મંજૂરી આપી — જે પીડિતના ખાતામાં જમા થતા તેમને પૂરો ભરોસો આવી ગયો. થોડી જ વારમાં ઠગોએ “IPO ક્રેડિટ”ના નામે 1.26 કરોડ જમા થયાનું બતાવી 89.88 લાખ વધુ જમા કરાવવા કહ્યું. શંકા આવતા પીડિતે પૈસા ન મોકલતા વેબસાઇટ એકાઉન્ટ બ્લોક કરી દેવાયું. અંતે ફ્રોડનો ભોગ બનેલા સિનિયર સિટીઝને 1930 હેલ્પલાઇન અને સાયબર ક્રાઇમ સ્ટેશનમાં ફરિયાદ કરી. પોલીસે મોબાઇલ નંબરો અને બેંક ખાતાઓની વિગતો આધારે તપાસ શરૂ.




**માંજલપુરના 61 વર્ષીય સિનિયર સિટીઝનને બોગસ ઇન્વેસ્ટમેન્ટ સ્કીમમાં 30 લાખથી છેતરાયા. WhatsApp મારફત લિંક મોકલી ફ્રોડ. પોલીસ તપાસમાં.**

## ગોત્રી ગામના જૂના મકાનમાં વિકરાળ આગ, ફાયર ટીમે દોઢ કલાકે કાબૂ મેળવ્યો

વડોદરા શહેરના ગોત્રી ગામના બારોટ ફળિયામાં આવેલ એક જૂના મકાનમાં મંગળવારે ભીષણ આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે આસપાસના લોકો ઘબરાઈ બહાર નીકળી આવ્યા હતા. જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશનની બે ટીમો સ્થળ પર પહોંચી ગઈ અને દોઢ કલાકની ભારે જેહમત બાદ આગને કાબૂમાં લીધી. મકાનનો પ્રથમ અને બીજો માળ સંપૂર્ણ બળી ખાક થઈ ગયો હતો. અંદર ગેસની લીકેજવાળી બોટલ અને અનેક ખતરનાક બિંદુઓ હોવા છતાં ફાયર ટીમે હિંમતથી કામગીરી કરી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. આગના કારણોની તપાસ ચાલુ છે.

## સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નિવૃત આર્મી જવાને ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ, પછી મોત

વડોદરાના ખોડિયારનગર વિસ્તારમાં રહેતા 65 વર્ષીય નિવૃત આર્મી જવાન દયાનંદ બાબુરાવ પવારનું સયાજી હોસ્પિટલમાં મોત થયું છે. બાઈક અકસ્માત પછી તેમને ન્યુ સર્જિકલ વોર્ડના પહેલા માળે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરિવારના કહેવા મુજબ વૃદ્ધને નશાની આદત થઈ ગઈ હતી અને પુત્રએ તે બંધ કરાવવા દબાણ કરતાં તેઓ માનસિક રીતે વ્યથિત હતાં.

શનિવારે સાંજે દયાનંદભાઈએ સારવાર રૂમની બારીમાંથી નીચે ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. રૂમમાં એસી યુનિટ નાંખવા માટે અગાઉ બારીના સળિયા કાઢી નાખવામાં આવ્યા હતા અને નવા સળિયા લગાડાયા ન હોવાને કારણે તેઓ સીધા નીચે પટકાયા. ગંભીર ઇજા થતાં તેમને ફરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, પરંતુ બુધવારે વહેલી સવારે તેમનું મોત થયું.

ઘટનાની જાણ થતાં રાવપુરા પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને બનાવ અંગે આગળની તપાસ શરૂ કરી છે.

## દાહોદ બન્યું રાજ્યનું સૌથી ઠંડું શહેર, આવતા સપ્તાહથી કડકડતી ઠંડી

ગુજરાતમાં શિયાળો ધીમે-ધીમે પોતાની અસર બતાવી રહ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ, દાહોદ આ સિઝનમાં રાજ્યનું સૌથી ઠંડું સ્થળ નોંધાયું છે, જ્યાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું. ડાંગ અને અમરેલીમાં પણ 13 ડિગ્રી સુધી ઠંડી ઉતરી છે. હાલમાં રાજ્યમાં મહત્તમ તાપમાન 30–32 ડિગ્રી વચ્ચે અને લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી આસપાસ રહે છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સપ્તાહથી ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના છે. દિવસ દરમિયાન




હવામાં થોડો ઉછાળો રહેશે, પરંતુ રાત્રિના સમયે ઠંડીનો પ્રભાવ વધશે. ઉત્તર-પૂર્વ પવનના કારણે તાપમાનમાં વધઘટ શક્ય છે, પરંતુ રાજ્યમાં હવે કડકડતી ઠંડીનું આગમન થવા જઈ રહ્યું છે.

## મહુવા ટાઉન પોલીસે ચીલઝડપ ગુન્હો ઉકેલી ત્રણ આરોપી પકડી પાડ્યા

મહુવા ટાઉન પોલીસે ચીલઝડપના ગુન્હામાં ઝડપી કાર્યવાહી કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસએ તેમની પાસેથી નોકિયા મોબાઈલ ફોન અને સ્પ્લેન્ડર બાઈક સહિત રૂ.11,200નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ તપાસ ભાવનગર રેન્જના વરિષ્ઠ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. મહુવા ટાઉન પોલીસના પ્રયાસોથી ચીલઝડપના ગુનાહિત પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ મેળવાયું છે અને સ્થાનિક લોકોમાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત બની છે.

## અમરેલી: અરજણસુખમાં દિનેશ સોલંકી પર જીવલેણ હુમલો, પગ કાપ્યો

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના અરજણસુખ ગામે 60 વર્ષીય દિનેશભાઈ સોલંકી પર તેમના બે સાળાઓ સહિત 12 શખ્સોએ જીવલેણ હુમલો કર્યો. હુમલાખોરોએ તેમનો એક પગ કાપી નાખ્યો અને બીજા પગે ગંભીર ઈજા પહોંચાડી. ઈજાગ્રસ્ત દિનેશ સોલંકીને અમરેલી સિવિલમાં ખસેડાયા છે. DYSP ચિરાગ દેસાઈએ હોસ્પિટલની મુલાકાત લીધી અને વધુ કાર્યવાહી શરૂ કરી છે.

**ગુજરાતમાં શિયાળો વધતો જઈ રહ્યો છે; દાહોદ 11° સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું. હવામાન વિભાગ મુજબ આવતા સપ્તાહથી ઠંડીમાં વધારો થશે.**

## ભાવનગર LCB દ્વારા નાસતા ફરતા દારૂના આરોપીની ધરપકડ

ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB)એ નાસતા ફરતા દારૂના આરોપી ગોપાલભાઈ સુખાભાઈ બારૈયાને મહુવા ચોકડી ખાતે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. આરોપી સામે તળાજા, ભાવનગર અને ઘોઘા રોડ પોલીસ સ્ટેશનોમાં ઇંગ્લિશ દારૂના અનેક ગુનાહઓ નોંધાયેલા હતા. પોલીસે તેને “પ્રોહિબિશન એક્ટ” હેઠળ કાયદેસર કાર્યવાહી કરી ધરપકડ કરી છે. LCBની આ કામગીરીથી જિલ્લા પોલીસ તંત્રને મોટી સફળતા મળી છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે.

## LCB વડોદરા ગ્રામ્યની સફળ કાર્યવાહી, ₹7.65 લાખનો મુદ્દામાલ જપ્ત




વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રીની સૂચના મુજબ શરૂ કરાયેલા ‘ઓપરેશન પરાક્રમ’ હેઠળ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને અનડીટેક્ટ ગુનાઓ ઉકેલવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરાઈ હતી. નાયબ પોલીસ ઇન્સ્પેક્ટર, LCB વડોદરા ગ્રામ્યના માર્ગદર્શન હેઠળ 11 નવેમ્બર 2025ના રોજ વાઘોડિયા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમીના આધારે રીઢો વાહન ચોર રાહુલ ઉર્ફે કીશુ પ્રભાતભાઈ વસાવાને વાઘોડિયા ટાઉન બસ સ્ટેશન નજીકથી ચોરાયેલી સફેદ મારુતિ ઇકો ગાડી (નંબર GJ 06 BV 8851) સાથે ઝડપી પાડ્યો. પુછપરછ દરમ્યાન આરોપીએ ફતેગંજ વિસ્તારેથી ચારેક દિવસ પહેલા ગાડી ચોરી કર્યાની કબૂલાત કરી. પોલીસે ₹7.50 લાખની ઇકો ગાડી અને ₹15,000ના બે મોબાઇલ મળી કુલ ₹7.65 લાખનો મુદ્દામાલ કબજે કર્યો. આરોપીનો ગુનાહિત ઇતિહાસ તપાસમાં બહાર આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ.


**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**


## વાઘોડીયા રોડ પર યુવક પર હુમલો: ચાર સોની ભાઈઓ સામે ફરિયાદ

વાઘોડીયા–વડોદરા રોડ ઉપર જી.ઇ.બી. ઓફિસ સામે એક યુવક પર ચાર વ્યક્તિઓ દ્વારા હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી દીપકકુમાર સતીષભાઈ ચૌહાણે પોલીસમાં નોંધાવેલી વિગતો અનુસાર, તારીખ 11 નવેમ્બર ની સવારે લગભગ 11:45 વાગે જીગ્નેશ સોની, નૈમેષ સોની, તેમજ નનશાંત અને જૈમીન સોનીએ કોઈ વાદવિવાદને કારણે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી મારામારી કરી હતી. હુમલા દરમ્યાન ફરિયાદીના ડાબા હાથની અનામિકામાં ઇજા થવા પામી હતી. ઘટનાની જાણ થતાં વાઘોડીયા પોલીસ ટાઉન બીટ ટીમે સ્થળ પરથી પ્રાથમિક માહિતી મેળવી તપાસ શરૂ કરી છે. બે આરોપીઓની ઓળખ સત્તાવાર રીતે પુષ્ટી થયેલી છે જ્યારે બેના સંપૂર્ણ વિગતો મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.

કેસને ગંભીરતાથી લઈ પોલીસે આગળની કાર્યવાહી ઝડપથી આગળ ધપાવી છે અને આરોપીઓની અટકાયત સંબંધિત તપાસ ચાલુ.

# ખંડીવાડા ગામ પાસે ઓમની વાનની ટક્કરથી દંપતી ઘાયલ

વડોદરા જિલ્લાના જરોદ પોલીસ હદ વિસ્તારમાં ખંડીવાડા ગામની સીમમાં વ્હાલોલ–વડોદરા રોડ પર બનેલા અકસ્માતમાં એક દંપતી ગંભીર રીતે ઘાયલ બન્યાં છે. ઘટના 10 નવેમ્બર 2025ના રોજ બપોરે આશરે 12:30 વાગે બની હતી. મળતી માહિતી મુજબ, રોંગ સાઇડથી ઝડપભેર આવી રહેલી ઓમની વાન (રજી. નં. GJ-16-AP-5750)એ બાઈક પર જઈ રહેલા નરેનભાઈ સાભયભાઈ રાઠોડીયા અને તેમની સાથી મધુબેનને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મધુબેનના જમણા પગના થાપાના ભાગે ફ્રેક્ચર થયું અને શરીરના અન્ય ભાગોમાં પણ નાની મોટી ઇજાઓ સર્જાઈ. નરેનભાઈને પણ અનેક ઇજાઓ થતા બંનેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા. ઈજાના કારણે નરેનભાઈ તે દિવસે ફરિયાદ નોંધાવી શક્યા નહોતા, પરંતુ હાલત સુધરતાં તેઓ 12 નવેમ્બરે જરોદ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને સત્તાવાર ફરિયાદ




કરી. પોલીસે સ્થળનું નિરીક્ષણ કરી વાનની પોલીસે સ્થળનું નિરીક્ષણ કરી વાનની બેદરકારીભરી ડ્રાઈવિંગને પ્રાથમિક કારણ માની તપાસ શરૂ કરી છે. ડ્રાઈવર અંગે વધુ માહિતી મેળવવા અને તેની જવાબદારી નક્કી કરવા માટે કામગીરી ચાલી રહી છે.

આ ઘટનાએ સ્થાનિકોમાં માર્ગ સલામતી અંગે ફરી ચિંતા જગાવી છે. રહેવાસીઓએ જણાવ્યું કે આ રોડ પર ઝડપથી વાહન ચાલક દ્વારા અકસ્માતના બનાવો વારંવાર બને છે અને કડક ટ્રાફિક નિયંત્રણ જરૂરી છે. પોલીસ દ્વારા આગળની કાર્યવાહી ચાલુ.

## પાદરા સાંગમા ગામમાં જમીન વિવાદે ઉગ્ર રૂપ ધારણ કર્યું: સમીર શાહ પર ટોળાનો હુલ્લડ




પાદરા તાલુકાના સાંગમા ગામમાં જમીન વિવાદને લઈને બુધવારે બપોરે ઉગ્ર બનાવ સામે આવ્યો છે. સૂત્રો મુજબ સમીર ઉર્ફે બીરેન શાહ પોતાની જમીન પર વાડની મરામત જોવા ગયા ત્યારે ઉત્સવ ઠાકોરભાઈ પટેલ, લીલાબેન પટેલ, વૈભવ જાદવ અને ફેઝલ પઠાણ સહિત સાતેક લોકો ટોળું બનાવી ત્યાં ધસી આવ્યા હતા.

આરોપીઓએ પહેલા સમીર શાહને ખેતરમાં જ રોકી ગાળો બોલી ધમકાવ્યો હતો. ત્યારબાદ સફેદ રંગની ફોરવ્હીલ કાર (GJ-06-AH-5274)માંથી લાકડી અને સરીયા કાઢી સમીર શાહ અને તેમની સાથે આવેલા લોકો પર તૂટી પડવાનો પ્રયત્ન કર્યો. પરિસ્થિતિ એટલી ઉગ્ર બની ગઈ કે હુમલાખોરોએ “આજે જાનથી મારી નાખીશું” જેવી ખુલ્લી ધમકી આપી પીછો કર્યો હતો.

હુલ્લડ દરમિયાન બંને પક્ષ વચ્ચે ભારે ઝપાઝપી થઈ અને ખેતરમાં અફરાતફરી મચી ગઈ. ગંભીર પરિસ્થિતિ સર્જાતા સમીર શાહને ત્યાંથી દોડી છૂટવું પડ્યું. ઘટનાની જાણ થતાં પાદરા પોલીસ સ્ટાફ દોડી આવ્યો અને પરિસ્થિતિ કાબુમાં લીધી.

પોલીસે સમગ્ર મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી છે અને જમીન વિવાદને કેન્દ્રમાં રાખી બંને પક્ષોના નિવેદનો લઈ આગળની કાર્યવાહી તેજ કરી છે. સાંગમા ગામમાં આ બનાવે ભારે ચર્ચા જગાવી છે અને લોકોમાં અસુરક્ષાની લાગણી ફેલાઈ છે.

## સાંગમા ગામે 30 લોકોનો હુલ્લડ, ખેડૂતોને ધમકી

પાદરા તાલુકાના સાંગમા ગામે સમીર ઉર્ફે બીરેન શાહ સહિત અંદાજે 25–30 લોકોએ લાકડી અને સરીયા લઈને ખેડૂત ઉત્સવ પટેલના ખેતરમાં ઘૂસી હુલ્લડ મચાવ્યો. ટોળાએ ફરિયાદીની ફોઇને ગાળો આપી અને જમીન ખાલી ન કરાય તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી. ઘટનાની જાણ થતાં પાદરા પોલીસે સ્થળ પર પહોંચી રિપોર્ટ તૈયાર કરી તપાસ શરૂ કરી છે. સ્થાનિકોમાં ભય અને તણાવનું વાતાવરણ જોવા મળ્યું.

## વરણામામાં ડ્રાઈવરની ખોટી ફરિયાદનો પર્દાફાશ

વડોદરા નજીક નેશનલ હાઈવે નં. 48 પર વરણામાની સીમમાં એક ટેમ્પો ડ્રાઈવરની ખોટી ફરિયાદનો પર્દાફાશ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આઈસર ટેમ્પો (GJ-03-BW-5580)ના ડ્રાઈવરે 112 PCR પર ફોન કરી દાવો કર્યો હતો કે પોરથી વરણામા વચ્ચે અજાણ્યા ચાર–પાંચ લોકો તેને ખેતરમાં ખેંચી લઈ ગયા હતા. પોલીસે તરત સ્થળ પર તપાસ શરૂ કરી હતી, પરંતુ કોઇ હુમલો કે ઝપાઝપીના પુરાવા ન મળતા શંકા વધી. પૂછપરછ દરમ્યાન ખુલ્યું કે ડ્રાઈવરે પોતાના શેઠ દ્વારા મળેલા રૂ. 2,000 છુપાવવા આ આખું નાટક ગુંથ્યું હતું. ખોટી માહિતીના આધારે ખેતીવાડી વિસ્તારમાં તપાસ થતાં સ્થાનિક ખેડૂતોને અનાવશ્યક તકલીફ પણ પડી.

વરણામા પોલીસે ખોટી ફરિયાદને ગંભીર ગણાવી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## રાઠીપુરા નજીક બાઈક અકસ્માતમાં વૃદ્ધનું મોત

વડોદરા નજીક રાઠીપુરા ગામ પાસે કાચાભાઈ–તરસાલી રોડ પર બનેલા અકસ્માતમાં 69 વર્ષીય દાજીભાઈ પરમારનું મોત થયું છે. તેઓ TVS સ્ટાર સિટી પ્લસ બાઈકના પાછળ બેસી ઘરે જઈ રહ્યા હતા ત્યારે અચાનક ભુંડ રોડ પર દોડી આવતાં બાઈક સ્લિપ થઈ ગયું. અકસ્માતમાં દાજીભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને SSG હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં, પરંતુ સારવાર દરમ્યાન તેઓનું અવસાન થયું. વરણામા પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે.

## ખાનપુરામાં વીજ ઝાટકાથી નયનભાઈ ડાભી ગંભીર ઘાયલ

ડભોઇ તાલુકાના ખાનપુરા ગામની સીમમાં બનેલા વીજ અકસ્માતમાં નયનભાઈ ચુનીલાલભાઈ ડાભી (ઉંમર 46) ગંભીર રીતે ઘાયલ થયા હતા. માહિતી અનુસાર, ગામની કુંવાની લાઇન બંધ થવાથી ખેતીવાડી લાઇન તપાસવા નયનભાઈ સ્થળ પર ગયા હતા. પરેશભાઈ ભટ્ટ અને ફતેસીંગભાઈ પાટણવાડીયાની કુંવાની મશીન બંધ હોવાને કારણે તેઓ થાંભલા પર ચડી લાઇન પર ચઢેલી વેલ સાફ કરવા લાગ્યા. આ દરમ્યાન અચાનક વાયર વચ્ચે સ્પાર્ક થતાં નયનભાઈને તીવ્ર કરંટ લાગ્યો. કરંટ લાગતાં જ તેઓ નીચે પટકાયા અને તેમના બન્ને હાથ, છાતી અને પેટના ભાગે ગંભીર દાઝાયેલી ઇજાઓ થઈ. ઘટનાના તરત બાદ હાજર લોકોએ તેમને મદદ પહોંચાડી અને નજીકની હોસ્પિટલ ખસેડ્યા. બાદમાં મુકેશભાઈ મણીલાલ પાટણવાડીયાએ ઘટનાની જાણ ડભોઇ પોલીસને કરી હતી. પોલીસ અધિકારીઓએ સ્થળ પર પહોંચી અકસ્માતની વિગત મેળવી અને પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

આ ઘટનાએ ગ્રામ્ય વિસ્તારમાં જૂના થાંભલા અને વીજ લાઇનના જાળવણીના પ્રશ્નોને ફરી ઉકેલવાના મુદ્દે ચર્ચા ચગારી છે. સ્થાનિક લોકોએ આવા અકસ્માતો અટકાવવા તંત્રને યોગ્ય જાળવણીની માંગ કરી છે.




**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## વાઘોડિયામાં મહિલા હેરાનગતિ બાદ પતિ અને સગા પર હુમલો

વાઘોડિયા નાની ભાગોળ વિસ્તારમાં વર્ષોથી ચાલતી મહિલા હેરાનગતિનો મામલો ઉગ્ર બન્યો છે. નિલીબેન સોનીને લાંબા સમયથી અજાણ્યા મોબાઇલ નંબરો પરથી રાકેશ સતીષભાઈ ચૌહાણ દ્વારા સતત સંપર્ક કરી ત્રાસ આપવામાં આવતો હતો. 12 નવેમ્બરના રોજ ફરી ફોન આવતા નિલીબેનના પતિ અને સગા દક્ષેશભાઈ GEB ઓફિસ નજીક રાકેશને મળવા ગયા ત્યારે રાકેશ ઉશ્કેરાઈ ગયો અને પોતાના ભાઈ હિરકો ચૌહાણને બોલાવી લીધો. બંને ભાઈઓએ મળીને ફરિયાદીના પતિ અને દક્ષેશભાઈ સાથે ગાળો બોલી મારપીટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી. વાઘોડિયા પોલીસે કેસની તપાસ શરૂ કરી છે.

